# માને માટે પડકાર

ડૉ. ઉર્મીલા શાહ

'બહેન ! આ શ્રીરાજ તો જુઓ, ક્લાસમાં આ રમકડાં રમતો હતો અને એટલે બહેને તમારી પાસે મોકલ્યો છે.'

'શ્રીરાજ, શું લાવ્યો છે મને જોવા દે તો બેટા !' પણ શ્રીરાજ તો ચુપચાપ, ન બોલે કે ન ચાલે. અરે, હાલે પણ નહીં, એકદમ સજ્જડ થઈને ઉભો હતો અને હાથની કઠ્ઠણ મુઠ્ઠી વાળેલી ! માંડ માંડ ઉઠીને એની પાસે જઈને મુઠ્ઠી ખોલાવી તો એમાં બંદુકમાંથી છોડવાની ત્રણ ચકરડીઓ જેવું કંઈક હતું. ને બંદુક પેલા છોકરા પાસે હતી જે ફરીયાદ કરવા આવેલો. હજી તો માંડ બીજા ધોરણમાં ભણતો હશે. એની ઉમ્મરેય શું ? રમવાનું મન તો થાય જ ને ! અને મનેય દયા આવી ગઈ. આવડાં છોકરાં તો એવાં વહાલાં લાગે ને આમ એમને માટે ફરીયાદ આવે ત્યારે મને વહાલથી તેની સાથે વાતો કરીને એના હૃદયની વાતો જાણવાનું ખાસ ગમે. એટલે મેં શ્રીરાજને મારી પાસે બોલાવ્યો. વહાલથી માથે હાથ ફેરવ્યો, ને પુછ્યું, 'બેટા ! તું આ બધું લઈને કેમ સ્કુલમાં આવ્યો છે ? સ્કુલમાં તો ભણવા આવવાનું હોય, નોટ–ચોપડી લાવવાની હોય. કંઈ રમકડાં લઈને અવાય ? તને મમ્મીએ ના ન પાડી ?

'બહેન ! રીસેસમાં મારે રમવું ન હોય ? મને ઢીશુમ્ ઢીશુમ્ રમવું બહુ ગમે.'

'પણ મમ્મીએ, તને આવું બધું લઈને આવવાની 'ના' ન કહી ?'

'બહેન, મમ્મીને ખબર જ ક્યાં છે ?'

સાવ ભોળાભાવે બાળસહજ નીર્દોષતાથી તેણે બધી વાત કરી અને મને સાચે જ તેની પર વહાલ આવ્યું. છોકરાંઓ રમે, ખરેખર તો એમને એમનું બાળપણ માણવાની આ ઉમ્મર છે ત્યારે આપણે એમને અગીયારથી પાંચ જેવા છ કલાકના લાંબા ગાળા સુધી ગોંધી રાખીએ છીએ. એને કંટાળો ન આવે ? એને અકળામણ ન થાય ? અને એટલે એનેય કંઈ રમવાનું તો મન થાય ને ! બાળક જ રમશે ને ! કંઈ આપણે થોડા રમવાના છીએ ! પણ વાંધો એની ગન સામે છે. એના રમવા સામે નથી.

મેં એને પુછ્યું, 'બેટા શ્રીરાજ, તમે લોકો પકડદાવ, સાતતાળી, ખો એવું બધું નથી રમતાં ? એવું રમવાની તો કેવી મઝા આવે ! અને એ રમવા માટે પાછાં ઘરેથી કશાં રમકડાં પણ લાવવાં નહીં પડે... આપણે તો આવડું મોટું મેદાન છે. તમે લોકો એવું કેમ નથી રમતાં ?'

'બહેન, એ શું ? અમને તો એવી કંઈ ખબર નથી. અમે તો 'ઢીશુમ્ ઢીશુમ્' જ રમીએ છીએ, એવી મઝા આવે છે...!'

અને મને આજની આ ઉગતી પેઢી માટે હૃદયમાં કરુણા ઉપજી. શી દશા થઈ છે બીચારાં આજનાં ઉગતાં આ નાદાન–નીર્દોષ ભુલકાંઓની ! સઢ વીનાનાં વહાણ જેવી દશા છે એમની... ચારે બાજુથી ટીવી અને બીનસંસ્કારીતાના એવાં પ્રદુષણમાં તેઓ ઉછરી રહ્યાં છે કે ક્યારેક તો મનમાં ચીંતા થાય છે કે આ લોકોનું ભવીષ્યમાં થશે શું ?

પહેલાં તો દરેક ઘરમાં દાદા–દાદી હોય, સાંજ પડે એટલે વાળુ કર્યા પછી છોકરાંઓને પોતાની પાસે બેસાડી ચારીત્ર્યઘડતરની વાતો થાય. સંસ્કારનું ઘડતર થાય તેવી વાર્તાઓ કરે, એટલે છોકરાંઓને પ્રેમ મળે, હુંફ મળે. વડીલો સાથે વીવેકથી વર્તતાં અને બોલતાં આવડે. એમનાં હૃદયને હાશ મળતી; પણ હવે તો દાદા–દાદી આજનાં કેટલાં ઘરોમાં રહ્યાં છે ? મા–બાપને સાચવવાં એ આજના યુવાનોને બોજારુપ લાગે છે, ‘એ કોણ વડીલોની વેઠ કરે ? આપણે આપણાં કામ ન હોય ! અને  એમની સગવડો સાચવવી એ કંઈ સહેલું કામ છે ! આપણે તે આપણી નોકરી સંભાળીએ, ઘર સંભાળીએ, છોકરાં સાચવીએ કે પછી એમની આળપંપાળ કરીએ ! એકલાં હોઈએ તો ચીન્તા તો નહીં, મન થાય તો રાંધીએ ને નહીં તો એક વસ્તુય કરીને ચલાવી લઈએ. અરે ! બહાર જઈનેયે ખાઈ લેવાય; પણ ઘરમાં વડીલો હોય તો સત્તર વાર વીચાર કરવો પડે, એમને શું ફાવશે, શું માફક આવશે – એ બધી પળોજણ કોણ કરે ?’

અને એટલે જ આજે બધાં ઘરોમાં નહીં; તોયે મોટા ભાગનાં ઘરોમાં વડીલોની ખોટ વર્તાય છે. વળી, કુટુમ્બનીયોજન પણ ખરું જ. એટલે ઘરમાં એક કે બે જ બાળકો હોય. એટલે એમને કોઈની સાથે હળીમળીને, સહભાગીદારીથી જીવવાના પાઠ જ મળતા બન્ધ થઈ ગયા છે. અરે ! પેલો મીરાજ, રોજ એની ફરીયાદ આવે : ‘બહેન, મીરાજ અમને બહુ મારે છે.’ એક દીવસ તો એનો ગુસ્સો એવો ગયો કે એની બાજુના છોકરાના વાળ પકડી એનું માથું જોરથી ભીંત સાથે અફાળ્યું. બીચારા સ્મીતને તો નાકમાંથી લોહી નીકળવા માંડ્યું...! બીજા ધોરણમાં ભણતા મીરાજને આવો ગુસ્સો ચડે ! એનાં મમ્મીને બોલાવ્યાં ને કહ્યું, ‘બહેન, મીરાજની બધાને મારવાની ફરીયાદ તો છે જ; પણ આજે તો પેલા સ્મીતને તેણે ભીંત સાથે એવો પછાડ્યો છે કે એને વહેતું લોહી બન્ધ થતું નથી. એનાં માબાપને મારે શો જવાબ આપવો ?’ ત્યાં તો મીરાજનાં મમ્મીની મીરાજના બચાવપક્ષની દલીલો શરુ થઈ ગઈ. ‘બહેન, મીરાજ મારે છે, મારે છે તમે કહો છો; પણ મીરાજને બધા શું કરે છે તે તમે કેમ નથી જોતાં ? એને કોઈ છંછેડશે તો એ તો સામો મરશે જ, એ સહન નહીં કરે.’

અને મને એ મા માટે આશ્ચર્ય થયું ! મેં કહ્યું : ‘બહેન, તમને તો આ એક મીરાજ જ છે. એને ઘરમાં તો એકલા રહેવાનું છે. એટલે એને ઘરમાં તો તકલીફ પડતી જ નથી; પણ સ્કુલમાં તો અનેક બાળકો હોય. કોઈનો હાથ વાગે તો કોઈનો પગ વાગી જાય. બધાં સાથે હળીમળીને જીવતાં તો શીખવું જ જોઈશે ને ! અને તમે કહો છો કે એને કોઈ છંછેડશે તો એ તો મારશે જ ! બહેન, એના દેખતાં જ તમે એનામાં રહેલી આ ઉણપનો બચાવ કરી એનામાં રહેલી

આક્રમકતાને પ્રોત્સાહીત કરો છો. ભવીષ્યમાં એ સમાજમાં રહેશે કેવી રીતે ? સૌની સાથે હળીમળીને રહેતા તો એણે શીખવું જ પડશે ને ? બહેન, એ માટે તો તમારે ખુબ ધ્યાન રાખવું પડશે. એનું ઘડતર કરવું પડશે. પરીક્ષામાં માર્ક્સ કદાચ ઓછા આવશે તો હજીયે ચાલશે; પણ સમાજમાં સૌની સાથે હળીમળીને રહેતાં નહીં શીખે તો એ ક્યાંયનો નહીં રહે, બહેન !'

'અરે બહેન, હું તો હવે એનાથી એવી થાકી ગઈ છું ! એના પપ્પા તો એને ઘણોયે મારે છે; પણ સુધરે તો ને ! હું તો તેને ટીવી પર ખાલી કાર્ટુન જ જોવા દઉં છું; પણ એને ક્યાં કશી અસર જ છે !'

અને મને મીરાજની આક્રમકતાનું ખરું કારણ જડી ગયું. ઘેર પપ્પાનો માર ખાતો મીરાજ એના મનની અકળામણ, મનનો ગુસ્સો ક્યાં કાઢે ? બાળકને માબાપ પાસેથી પ્રેમ જોઈએ, સ્વીકાર્યતા જોઈએ, સહીસલામતી જોઈએ, સહભાગીદારી જોઈએ. એને બદલે ઘરમાં તે સાવ એકલું. એને રમવું હોય તો એને સાથીદાર કોણ ! કોઈ જ નહીં ને ! પણ સ્કુલમાં આવે એટલે સાથીદાર તો એક કહેતાં અનેક મળે; પણ એકલા રહેવા ટેવાયો હોય એટલે કોઈનો હાથ કે પગ અડે તે સહન ન કરી શકે. અણગમતું કંઈ પણ બને એટલે જેમ પપ્પા એને મારે છે તેમ એ પણ બીજા છોકરાઓને મારવા મંડી પડે..! એમાં વળી ટીવીનાં દૃશ્યોથી એને એવા વર્તન માટે પ્રોત્સાહન મળે. 'બાળક આપણે કહીએ તેમ નહીં; આપણે કરીએ તેમ કરે છે.' તેની સાથે આપણે જેવું વર્તન કરીએ છીએ તેનો જ પડઘો તેના વર્તનમાં અચુક પડે છે. એમાં વળી, ટીવીમાંયે હમ્મેશાં આવાં ઉશ્કેરતાં જ દૃશ્યો ! કહેવાય ફક્ત કાર્ટુન જ. આપણે એમ માનીએ કે નાનાં બાળકો માટે તો એ નીર્દોષ છે; પણ એના સંવાદોની ભાષામાં, અવાજમાં, ક્યાંય વીવેક કે વીનય દેખાય છે ખરાં ! નરી દાદાગીરી, નરી મારામારી... જાણે આતંકવાદ જ જોઈ લો. બાળક સતત આ જ જોતું હોય તો એ નમ્રતાભર્યું...વીનયભર્યું વર્તન શીખેય ક્યાંથી !

આવા ઘેરા પ્રદુષણમાં ઉછરતાં બાળકને આપણે આવી આતંકવાદી મનોવૃત્તીમાંથી ઉગારવો એ સહેલું કામ નથી. એને માટે તો દરેક માએ ધીરજ કેળવવી પડશે. પળેપળ બાળક સાથે તન્મય થઈને જીવવું પડશે. એને ટીવી જોવાનું પ્રલોભન પણ ન થાય એટલા વહાલથી દરેક માએ પોતાની સાથે એને ઓતપ્રોત કરવો પડશે. મા માટે આ એક પડકાર છે. કાદવમાંથી કમળ ઉગાડવું સહેલું નથી; પરન્તુ એ પણ શક્ય તો છે જ, તે કેમ ભુલાય !

## –ડૉ. ઉર્મીલા શાહ

ફેબ્રુઆરી -2012ના 'નુતન બાલશીક્ષણ સંઘ', (લાલબહાદુર શાસ્ત્રી વીદ્યાલય, હરણી રોડ, વડોદરા–390 022,)ના માસીક મુખપત્ર **'બાલમુર્તી'** (વાર્ષીક લવાજમ રુપીયા 100)માંથી.. લેખીકાબહેનનાં સૌજન્ય અને સમ્મતીથી સાભાર...

આ લેખ લેખીકાનું પુસ્તક **'સન્તાનનું ઘડતર–એક સાધના'**(પ્રકાશક : 'ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય', રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ – 380 001; પ્રથમ આવૃત્તી: 2008, પુનર્મુદ્રણ – 2011; પૃષ્ઠસંખ્યા –200; મુલ્ય– રુપીયા 110)માંથી તેમણે લીધો હતો..

## લેખીકા–સમ્પર્ક:


ડૉ. ઉર્મીલા ગૌતમ શાહ, 25–પાર્થ બંગલોઝ, કર્ણાવતી ક્લબ સામે, સરખેજ–ગાંધીનગર હાઈ–વે, અમદાવાદ–3800 015 ફોન : 079-2692 9700/079-2692 8003 મોબાઈલ : 99792 30404 ઈ–મેઈલ : urmigsha@gmail.com


ડૉ. ઉર્મીલાબહેને પોતાનાં સાતેક પુસ્તકો મને સસ્નેહ મોકલ્યાં છે તે બદલ ખુબ આભાર.. જીવનભરના અનુભવથી સમૃદ્ધ આ હૃદયસ્પર્શી લખાણમાંથી પસાર થતાં નવી જ દૃષ્ટી સાંપડે છે.. ધન્યવાદ...ઉત્તમ ગજ્જર..

@@@


'સન્ડે ઈ-મહેફીલ' - વર્ષ: સાતમું - અંક: 243 – May 06, 2012

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com


@@@


**More than 1,36,10,000 Gujarati Language lovers have visited**
**http://www.gujaratilexicon.com/**

**More than 12,14,000 have visited Digital Bhagwadgomandal**
**http://www.bhagwadgomandal.com/**

**More than 2,65,000 have visited Lokkosh**
**http://lokkosh.gujaratilexicon.com/**


@@@@@@@@@